

# બાળપણમાં સ્ટેમરિંગથી લઈ બાહુબલીનો અવાજ બનેલા શરદની સ્ટોરી

**સાઉથની અનેક મોટી ફિલ્મો ને ઘણી હોલિવૂડ મૂવીઝમાં પણ પોતાનો અવાજ આપી જાણીતા થયેલાં એક્ટર શરદ કેલકર હવે નેટફ્લિક્સ પર પોતાનાં અવાજ અને પોતાનાં ચહેરા સાથે જોવા મળવાના છે. શરદની ઇમરાન હાશમી સાથેની વેબસિરિઝ ‘તસ્કરી: ધ સ્મગલર્સ વેબ’ 14 જાન્યુઆરીએ નેટફ્લિક્સ પર રિલીઝ થઈ છે, જેમાં તે સ્મગ્લિંગ કરતાં ઈમરાન સાથે કેટ-એન્ડ-માઉસ ગેમ રમે છે. ચાલો જાણીએ ટીવી અને ફિલ્મોમાં વર્સેટાઇલ રોલ્સથી જાણીતા શરદ વિશેની થોડી વર્સેટાઇલ વાતો...**

શો બાજ

**જીમ અને સ્પામાં ઇન્સ્ટ્રક્ટર તરીકે કામ કરતાં ત્યાંથી ફિલ્મી દુનિયામાં કઇ રીતે આવ્યા?**

એક્ટિંગનો શોખ તો પહેલેથી હતો પણ ક્યારેય વિચાર્યું નહોતું કે ફિલ્મોમાં કામ કરીશ. MBA પતાવીને હું ટીચર તરીકે કામ કરતો હતો અને 9થી 5ની જોબ પણ કરી. કરિયરની શરૂઆતમાં તો જે કામ મળ્યું તે કરી લીધું. એમાં જીમ અને સ્પામાં ઈન્સ્ટ્રક્ટર તરીકે પણ કામ કર્યું. એક્ટિંગનો શોખ હતો, તેથી મોડેલિંગથી સ્ટાર્ટ કર્યું અને 2001માં ટીવીમાં એન્ટ્રી કરી. ત્યારે મને ખબર નહોતી કે આ સફર આટલી લાંબી અને રસપ્રદ બનશે.

**ટીવીની કઇ સિરીયલ તમારી સૌથી નજીક છે? તમારી સૌથી મોટી અચીવમેન્ટ શું?**

2001માં ‘આક્રોશ’માં ઈન્સ્પેક્ટર સચિન કુલકર્ણીનો રોલ ખાસ હતો કારણ કે તે મારી પહેલી સિરીયલ હતી અને મને ઘણું શીખવા મળ્યું. પછી ‘સાત ફેરે’માં મને સારી ઓળખ મળી અને કીર્તિ સાથે કામ કર્યું જે આજે મારી પત્ની છે. એ શોના લીધે જ અમારી ઓળખાણ પડી એટલે દિલની નજીક છે. ‘બૈરી પિયા’ માટે મને ગોલ્ડ એવોર્ડ મળ્યો, જે ક્રિટીક્સ તરફથી હતો. તેને કારણે હું કમ્ફર્ટઝોનની બહાર નીકળ્યો એટલે અચીવમેન્ટ માનું છું. તાજેતરમાં ‘ડોક્ટર્સ’ માટે ‘ઈમ્પેક્ટ એક્ટર ઓફ ધ યર’ એવોર્ડ મળ્યો. પણ મારા માટે સૌથી મોટી અચીવમેન્ટ છે ટીવીથી ફિલ્મો, વેબ સિરીઝ અને વોઈસ એક્ટિંગમાં વર્સેટાઈલ બનવું.

**ફિલ્મોમાં તમારી એન્ટ્રી કેવી રીતે થઈ? કયા રોલ તમને સૌથી વધુ પસંદ છે?**

ફિલ્મોમાં મારી ડેબ્યુ 2004માં ‘હલચલ’માં થઈ પણ તે કેમિયો હતો. પછી ‘ગોલિયોં કી રાસલીલા રામ-લીલા’માં કાનજી સનેડાનો રોલ મળ્યો, જે મારા માટે બ્રેકથ્રૂ હતું. મરાઠી ફિલ્મ ‘લયભારી’માં સંગ્રામનું પાત્ર કર્યું, જેના માટે મને ફિલ્મફેર નોમિનેશન પણ મળ્યું. મને હિસ્ટોરિકલ ફિલ્મો ગમે છે, જેમકે ‘તાન્હાજી’માં છત્રપતિ શિવાજી મહારાજનો રોલ મારો ફેવરિટ છે. તેમાં મારા પર્ફોર્મન્સની પ્રશંસા પણ થઈ. હિન્દી ફિલ્મો સિવાય મરાઠી, તેલુગુ અને તમિલ ફિલ્મોના ઘણા રોલ મને ગમે છે.

**એક્ટિંગ ઉપરાંત તમારી ડબિંગ પણ ઘણી જાણીતી છે. આ બધી ભાષાની ટ્રેનિંગ લીધી છે?**

મને અલગ અલગ ભાષા શીખવાની ગમે છે અને ડબિંગમાં એટલી મહેનત નથી હોતી, તમારે સ્ક્રિપ્ટમાંથી જ વાંચવાનું હોય છે. મારો અવાજ ભારે છે. ‘બાહુબલી’ના હિન્દી વર્ઝનમાં અમરેન્દ્ર અને મહેન્દ્ર બાહુબલી માટે અવાજ આપ્યો તેના લીધે ભાષાનો કોન્ફિડન્સ આવ્યો. ત્યારબાદ ઘણી હોલિવૂડ ફિલ્મોમાં ડબિંગ કર્યું જેમ કે, ‘ડૉન ઓફ ધ પ્લેનેટ ઓફ ધ એપ્સ’માં માલ્કમ, ‘ગાર્ડિયન્સ ઓફ ધ ગેલેક્સી’માં રોનન, ‘મેડ મેક્સ: ફ્યુરી રોડ’માં મેક્સ.

**તમારા અવાજ વિશે ઘણી વાત થાય છે. બાળપણમાં તમને સ્ટેમરિંગ હતું, ત્યાંથી અહીં સુધી કઈ રીતે આવ્યા?**

હા, બાળપણમાં મને હકલાવા (સ્ટેમરિંગ)ની સમસ્યા હતી, સરખું બોલી ન શકાતું તેથી લોકો મારા અવાજની મજાક ઉડાવતા. પણ મેં તેને દૂર કરી અને આજે તે જ અવાજ મારી સૌથી મોટી તાકાત છે.

‘બાહુબલી’માં પ્રભાસને અવાજ આપવો મારા માટે ગેમ ચેન્જર હતો - તેનાથી મને નવી ઓળખ મળી અને લોકોએ મારા અવાજને પ્રેમ આપ્યો. હું ડબિંગ નહીં, વોઈસ એક્ટિંગ કરું છું, જે વધુ મુશ્કેલ છે કારણ કે ફક્ત અવાજથી ઈમોશન્સ દેખાડવા પડે. આ સફર મને પ્રેરણા આપે છે કે કોઈ કમજોરીને તાકાત બનાવી શકાય.

**તમે ફિટનેસ મેઈન્ટેઈન કરવા શું કરો?**

ફિટનેસ મારા માટે ફર્સ્ટ છે કારણ કે હું ફિઝિકલ એજ્યુકેશનનો સ્ટુડન્ટ હતો અને પહેલા જીમ ઈન્સ્ટ્રક્ટર પણ હતો. હું દરરોજ જીમ જાઉં છું - વેઈટ ટ્રેનિંગ, કાર્ડિયો અને સ્ટ્રેન્થ ટ્રેનિંગ કરું છું. ડાયટમાં હું બધું ખાઉં છું પણ ટાઈમ પર - પ્રોટીન, કાર્બ્સ, વેજીટેબલ્સ અને રાત્રે 8 વાગ્યા પહેલા લાસ્ટ મીલ. વર્કઆઉટમાં કન્સિસ્ટન્ટ રહું છું. આ મને રોલ્સ માટે તૈયાર રાખે છે અને એનર્જી આપે છે.

**તમે ફિલ્મો બાદ ટીવીના પરદા પર પાછા ફર્યા. ઘણાં એક્ટર જણાવે છે કે ટીવીમાં એટલી કમાણી નથી. તમારું શું માનવું છે?**

આઠ વર્ષ પછી ટીવી પર પાછા ફરવું મારા માટે ખુશીની વાત છે કેમ કે ટીવીના કારણે જ મને લોકો ઓળખતા થયા છે. 2025માં મેં ટીવી પર કમબેક કર્યું ‘તુમ સે તુમ તક’માં ત્યારે પહેલાં કરતા મને ઘણો બદલાવ લાગ્યો. આ શોને ઘણો પ્રેમ મળ્યો અને તે ટોપ શોમાંથી એક બન્યો. મેં આ માટે દરરોજ 3.5 લાખ રૂપિયા ચાર્જ કર્યા, જે મને ટીવીના સૌથી વધુ પેઈડ અભિનેતા બનાવે છે. ફિલ્મ એક સમય માટે હોય છે, જ્યારે ટીવી લાંબા સમય સુધી ચાલે છે. બધાની માન્યતા અને ગણિત જુદુ હોય છે.

**કામ સિવાય તમે સમય કેવી રીતે પસાર કરો છો?**

કામની બહાર હું પરિવાર સાથે સમય વિતારું છું. મારી પત્ની કીર્તિ અને દીકરી કેશા સાથે ટ્રાવેલ કરવું, ઘરે રહીને મૂવીઝ જોવી કે વાતો કરવી ગમે છે. હું બુદ્ધિઝમ ફોલો કરું છું, તેથી મેડિટેશન અને શાંતિ માટે સમય કાઢું છું. વાંચવું અને નવી વાનગીઓ ટ્રાય કરવી પણ ગમે છે. મિડલક્લાસ પરિવારમાંથી આવું છું, સાદગી પસંદ છે - પહેલા મોપેડ ચલાવતો હતો, આજે પણ ગ્રાઉન્ડેડ જ રહું છું. ●

## રીયલ સિરીયલ



## ભાભીજી ઘર પર નહીં થિયેટરમાં છે!

દરેક ટીવી સ્ટારને સ્મોલ સ્ક્રિનથી બીગ સ્ક્રિન એટલે કે નાના પડદાથી મોટા પડદા પર દેખાવાની ઈચ્છા તો હોય જ! અને તેથી જ હાલના ઘણા સુપરસ્ટારની શરૂઆત ટીવીથી જ થયેલી છે. તેથી કહી શકાય કે ટીવી શો એ મોટા પડદા પર આવવાનું પહેલું સ્ટેપ છે. લાખો ઘરોને હસાવતો ફેમસ કોમેડી ટીવી શો ‘ભાભીજી ઘર પર હૈ!’ હવે મોટા પડદા પર આવવા માટે તૈયાર છે. ફિલ્મ ‘ભાભીજી ઘર પર હૈ! ફન ઓન ધ રન’નું ટ્રેલર રિલીઝ થયું. ‘શોના ચાહકો માટે આ ખાસ વાત બની છે, કારણ કે ટીવી પર લાંબા સમયથી દર્શકોનું એન્ટરટેન્ટમેન્ટ કરતો આ શો હવે મૂવી બની થિયેટરમાં રિલીઝ થશે. આ શોના જાણીતા કેરેક્ટરો જ ફિલ્મના એક્ટર છે. જેમાં ફૂલ-લેન્થ સ્ટોરી છે. દર્શકો ફરી એકવાર શુભાંગી અત્રેને અંગૂરી ભાભી તરીકે, રોહિતાશ્વ ગૌરને મનમોહન તિવારી તરીકે અને આસિફ શેખને વિભૂતિ નારાયણ મિશ્રા તરીકે જોવા ઉત્સુક છે. વિદિશા શ્રીવાસ્તવ અનિતા ભાભીના રોલ અદા કર્યો. રવિ કિશન, મુકેશ મિશ્રા અને બ્રિજેન્દ્ર કલા પણ લીડ રોલમાં દેખાશે. આ ફિલ્મને પ્રોડ્યુસ સંજય કોહલી અને બિનૈફર કોહલીએ એડિટ II ના બૅનરે કર્યું. શશાંક બાલી દ્વારા ડાયરેકશન, આ ફિલ્મ 6 ફેબ્રુઆરી, 2026 ના રોજ રિલીઝ થવાની છે. ટીવી પર લગભગ 11 વર્ષની સફળતા પછી, આ ફ્રેન્ચાઈઝ પહેલીવાર ફિલ્મ સ્વરૂપે દર્શકો માટે પરત ફરી રહી છે. આમ તો ટીવીના ફેમસ કેરેક્ટરને ફિલ્મમાં સફળતા મેળવવા માટે વધુ પાપડ વણવા નથી પડતા. કેમ કે આ પહેલા પણ સ્ટાર પ્લસનો એક ટીવી શો ‘ખિચડી’ પરથી ‘ખિચડી: ધ મૂવી’ અને તેનો 2 ભાગ પણ બન્યો અને ખૂબ સફળ પણ રહી છે તો જોવાનું કે ‘ભાભીજી ઘર પર હૈ!’ મૂવી બોક્સઓફિસ પર કેટલી ફેમસ અને કેટલા પૈસા કમાશે? ●

## ભારતનાં ઈતિહાસ અને રાજકારણમાં રસ હોય તો જુઓ ફ્રીડમ એટ મિડનાઈટ સિઝન 2


રિવ્યૂ

ભારતના વિશાળ અને ભવ્ય ઈતિહાસ પર જાણે કેટકેટલી ફિલ્મો અને વેબસિરીઝ બની હશે. પાછલા થોડા વર્ષોમાં તો જાણે ઈતિહાસને આધારે જ બોલિવૂડ અને OTT પ્લેટફોર્મ ફુલ થઈ ગયું છે. તેમાં ઘણી એવી ફિલ્મો અને વેબસિરીઝ પણ છે જેણે ભારતના ઈતિહાસને તાજો કર્યો છે. 2024 માં જ્યારે ફ્રીડમ એટ મિડનાઈટની પહેલી સિઝન આવી હતી અને સિઝન 2 2026માં આવી છે. જે લોકોને ઈતિહાસ અને રાજકારણમાં રસ હોય તેઓને માટે આ સિઝન 2 વધું પસંદ આવશે. તો ચાલો જાણીએ.

લેખક વિલિયમ એલ શીરરના પુસ્તક ‘રાઈઝ એન્ડ ફોલ ઓફ ધ થર્ડ ઈટ’ની શરૂઆતની લાઈન છે, ‘જે લોકો ઈતિહાસને ભૂલી જાય છે તેઓ તેનું પુનરાવર્તન કરે છે’, આવું જ સિરીઝ ‘ફ્રીડમ એટ મિડનાઈટ’ દ્વારા, ફિલ્મ મેકર નિખિલ અડવાણી 1947ના ઐતિહાસિક પરંતુ વિવાદાસ્પદ પાનાંને ફેરવી જણાવે છે. જ્યારે દેશને વિભાજનના ઘામાંથી આઝાદીની કિંમત ચૂકવવી પડી હતી. લેરી કોલિન્સ અને ડોમિનિક લેપિયર દ્વારા લખાયેલ આ જ નામના પ્રખ્યાત પુસ્તક પર આધારિત, સિરીઝની બીજી સિઝન આવી છે, જેમાં નિખિલે ભારત અને પાકિસ્તાનની આઝાદી દરમિયાન થયેલી હિંસા અને ત્યારબાદની રાજકીય-સામાજિક પરિસ્થિતિઓ અને પડકારોને ખૂબ જ ઊંડા અને સંવેદનશીલ રીતે દર્શાવ્યા છે. ‘ફ્રીડમ એટ મિડનાઈટ 2’ની સ્ટર્ટિંગ આપણને 1947ના એ ઐતિહાસિક સમયગાળામાં લઈ જાય છે.

નિખિલ અડવાણીએ સરહદની બંને બાજુએ પોતાના ઘર છોડવા માટે મજબૂર થયેલા લોકોના સ્થળાંતરનું ચિત્રણ બતાવ્યું છે. બ્લેક એન્ડ વ્હાઈટ રંગો અને અમૃતા પ્રીતમની ‘આજ અક્કન વારિસ શાહનું’ જેવી લાઈનો એ ભયાનક સિનની પીડાને વધુ ગહન બનાવે છે. આ પછી, સ્ટોરી રજવાડાઓના બળવા, પછી 565 રજવાડાઓનું ભારતમાં વિલીનીકરણ, કાશ્મીરમાં યુદ્ધ અને અંતે મહાત્મા ગાંધીની હત્યા સુધી જાય છે.

સિરીઝમાં સારી બાબત એ છે કે એક તરફ તે ઐતિહાસિક ઘટનાઓનું શક્તિશાળી ડોક્યુમેટેશન છે, તો બીજી તરફ તે એક સંવેદનશીલ માનવીય નાટક પણ ચાલુ છે. પોતાના ઘર અને વર્ષોના મિત્રોથી છૂટા પડી ગયેલા શીખો અને મુસ્લિમોની પીડા હોય કે પછી આદર્શવાદી નેહરુ અને વ્યવહારુ સરદાર પટેલની વૈચારિક ચર્ચાઓ હોય કે મહાત્મા ગાંધીની પીડા હોય કે જેમણે



પોતાના દેશમાં અહિંસાના મૂલ્યોને નબળા પડતા જોયા. આ કારણે, આ સિરીઝ તમને જોવામાં બીજી રાખે છે અને તમને વિચારવા માટે પણ મજબૂર કરે છે.

સિરીઝનું એક ખૂબ જ મજબૂત પાસું એક્ટરોની એક્ટિંગ છે. સિદ્ધાંત ગુપ્તાએ નેહરુ તરીકે એક્ટિંગ કરી છે. તેની શાર્પનેસ, બોડી લેંગ્વેજ, ડાયલોગ ડિલિવરી બેસ્ટ છે, માત્ર તેનો મેક-અપ અને વિગ કેટલીક જગ્યાએ મિસ છે. સાથે જ રાજેન્દ્ર ચાવલાએ પણ સરદાર પટેલના રોલમાં સારી એક્ટિંગ કરે છે. સફરજનના બોક્સના આધારે રજવાડાઓને ભારત સાથે જોડાયેલા રાખવાની તેમની મુત્સદ્દીગીરી જોવા જેવી છે. ચિરાગ વ્હોરાએ પણ મહાત્મા ગાંધી તરીકે ખૂબ જ સરસ કામ કર્યું છે, જ્યારે આરિફ ઝકરિયાએ ઝીણાની એક્ટિંગ અદ્દલ કરી છે. જો કે, તેનું પાત્ર હંમેશા હેરાન કરે છે, નેગેટિવ એટલે કે મોનોક્રોમેટિક છે. વધુમાં, માઉન્ટબેટન તરીકે લ્યુક મેકગિબની અને ફાતિમા જિન્નાહ તરીકે ઈરા દુબે પણ અસરકારક છે.

ટેકનિકલી, એડિટિંગ, સિનેમેટોગ્રાફી, ઓરિજિનલ ફૂટેજનો ઉપયોગ પણ સિરીઝને મજબૂત બનાવે છે. જો કે સિરીઝ તેના સબજેક્ટને કારણે ઘણી વખત બોરિંગ લાગી શકે છે, તેમ છતાં તે ઈતિહાસના મહત્ત્વપૂર્ણ પેજોને ફેરવી નાખતી સિરીઝ છે. ●

**ફ્રીડમ એટ મિડનાઈટ-2**

**ડાયરેક્ટર :** નિખિલ અડવાણી
**એક્ટર :** સિદ્ધાંત ગુપ્તા, રાજેન્દ્ર ચાવલા, ચિરાગ વોહરા, આરિફ ઝકરિયા, ઇરા દુબે, આરજે મલિષ્કા, લ્યુક મેકગિબની, કોર્ડેલિયા બુગેજા
**કેટેગરી :** પીરિયડ ડ્રામા
**રેટિંગ :** IMDb 8.3/10
**સ્ટ્રીમીંગ :** સોની લિવ

**‘ફ્રીડમ એટ મિડનાઈટ 2’ની સ્ટર્ટિંગ આપણને 1947ના એ ઐતિહાસિક સમયગાળામાં લઈ જાય છે, જ્યારે દેશ આઝાદીથી થોડાક જ ડગલાં દૂર છે. જ્યારે પંડિત નેહરુ, સરદાર પટેલ જેવા નેતાઓ સ્વતંત્ર ભારતના સ્વરૂપ અને ભવિષ્યનો પાયો નાખતા હતા**

## કોણ છે સ્પ્લિટ્સવિલાની અફઘાની સુંદરી, સદફ શંકર?

સ્પ્લિટ્સવિલા સીઝન 16 ની MTV પર જોરદાર શરૂઆત થઈ છે. પહેલો એપિસોડ 9 જાન્યુઆરીએ આવ્યો, જેમાં સદાફ શંકર જોવા મળી હતી, એને જોતા જ ઑડિયન્સ અને કન્ટેસ્ટન્ટમાં ખળભળાટ મચી ગયો. આ રિયાલિટી શોમાં દેશ અને દુનિયાના યંગસ્ટર્સ ભાગ લે છે. તેનાં પહેલા એપિસોડમાં બધા કન્ટેસ્ટન્ટે પોતાનો પરિચય આપ્યો, પરંતુ સદફ શંકરનો પરિચય અનોખો અને આશ્ચર્યજનક હતો, જે ખૂબ વાયરલ થયો.સ્પ્લિટ્સવિલા એક ડેટિંગ રિયાલિટી શો છે જેમાં છોકરાઓ અને છોકરીઓ અલગ અલગ ગેમ્સ અને ચેલેન્જ પાર કરે છે. આ શો ખાસ કરીને ટિનેજર્સમાં લોકપ્રિય છે. આ વખતે, શોએ તેના પહેલા જ એપિસોડમાં યુથને આશ્ચર્યચકિત કર્યા છે, જેના કારણે TRP જરૂર વધશે. આ સીઝનનો સૌથી મોટો ચર્ચાનો મુદ્દો સદાફ શંકર છે, જે ભારતનો નહીં પણ અફઘાનિસ્તાનની છે. સદફ ભગવાન શિવની ભક્ત છે અને ભગવાન શંકરની પૂજા કરે છે. સદાફે ખુલાસો કર્યો કે તે અફઘાનિસ્તાનની છે, પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી મુંબઈમાં રહે છે અને ભારતીય સંસ્કૃતિને પોતાની માને છે. જ્યારે હોસ્ટ કરણ કુન્દ્રાએ તેના નામ વિશે પૂછ્યું, ત્યારે સદાફે જવાબ આપ્યો કે તે શિવની ભક્ત છે, એટલે તેના નામમાં શંકર છે. આ સાંભળીને, બધાએ “હર હર મહાદેવ” ના નારા લગાવ્યા. આ સીઝનમાં, હંમેશાની જેમ શોનું હોસ્ટીંગ સની લિયોન કરી રહી છે, કરણ કુન્દ્રા પણ હોસ્ટ છે. આ સિઝનમાં ઉર્ફી જાવેદ અને નિયા શર્મા પણ તેમના તોફાની અવતારમાં જોવા મળશે. આ વખતે, શોમાં એક સુંદર વિલા છે, જ્યાં બધા કન્ટેસ્ટન્ટ રહેશે. ●



## આ લોન્ગ વીકએન્ડમાં ‘ચંદ્રયાન’માં સ્પેસની સફરે નીકળી પડજો

અપકમિંગ

ઇસરોએ બનાવેલા ચંદ્રયાન પર એક સરસ વેબસિરીઝ બનાવવામાં આવી છે. ‘સ્પેસ જેન ચંદ્રયાન’ નામની આ સિરીઝ ઈસરોના ચંદ્રયાન મિશન પાછળની સાચી વાર્તા પર આધારિત છે, જેમાં ચંદ્રયાન-3 મિશનની સફળતાની પાછળની મહેનત, તકલીફો અને તેને પાર પાડનાર લોકોની હાર ન માનવાની અડગતા જોવા મળશે.

‘સ્પેસ જેન ચંદ્રયાન’ને એક સાયન્સ-ફિક્શન ડ્રામા હેઠળ કેટેગરાઈઝ કરવામાં આવી છે, પરંતુ તે સાચી ઘટનાઓ પર આધારિત ડ્રામેટાઈઝ્ડ શો છે. તે ચંદ્રયાન-2 ફેઈલ જવા પછીના સમયની વાત કરે છે. ચંદ્રયાન-2માં લેન્ડર (વિક્રમ) લેન્ડિંગ વખતે નિષ્ફળ થયું હતું, જેનાથી ISROના વૈજ્ઞાનિકોની ઘણી ટીકાઓ થઈ. પણ તેમણે હાર ન માની અને ચંદ્રયાન-3 માટે નવી તૈયારી શરૂ કરી. આ સિરીઝમાં તેમના ઈમોશનલ અપ-ડાઉનને ખૂબ સારી રીતે વણી લેવામાં આવ્યા છે.

સિરીઝના ટ્રેલરમાં વૈજ્ઞાનિકો કેવી રીતે દિવસ-રાત મહેનત કરતા હતા, કોરોના મહામારીમાં પણ કામ કેવી રીતે ચાલુ રાખ્યું, રશિયાના લુનાર



મિશન જેવી સ્પર્ધા વચ્ચે ભારત કેવી રીતે ટકી રહ્યું અને આગળ વધ્યું- આ તમામ બાબતોનો બ્રીફલી બતાવવામાં આવી છે. ‘સ્પેસ જેન’ના મુખ્ય કેરેક્ટર્સમાં જાણીતા ટીવી એક્ટર નકુલ મહેતા, શ્રીયા સરન, દાનિશ સૈત, પ્રકાશ બેલવડી અને ગોપાલ દત્ત છે. આ શો TVF (The Viral Fever) એ બનાવ્યો છે અને તેનું નિર્દેશન અનંત સિંહે કર્યું છે.

આ શોમાં માત્ર ચંદ્રયાન મિશન વિશે નથી, પણ તેમાં મહેનત ઉપરાંત, ટીમવર્ક, હિંમત અને દેશભક્તિથી ભરપૂર છે. 23 ઓગસ્ટ 2023ના રોજ ચંદ્રયાન-3 ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડિંગ કરીને ભારતે ઈતિહાસ રચ્યો હતો. આ પહેલી વખત હતું કે કોઈ દેશે ચંદ્રના આ ભાગમાં સફળતા મેળવી. આ ફૂલ ઓફ પ્રાઉડ મોમેન્ટને ચંદ્રયાન સિરીઝમાં બખૂબી દર્શાવી છે. આ સિરીઝ લોકોને બતાવે છે કે કેવી રીતે સામાન્ય માણસો અસાધારણ કામ કરી શકે છે જો તેઓ હાર ન માને.

ટૂંકમાં ‘સ્પેસ જેન ચંદ્રયાન’ એક પ્રેરણાદાયી શો છે જે દરેક ભારતવાસીઓએ જોવો જોઈએ. તે આપણને યાદ અપાવે છે કે ભારતનું અંતરિક્ષ કાર્યક્રમ માત્ર મશીનોની વાત નથી, પણ લોકોના સપના અને મહેનતની વાત છે. આ સિરીઝ 23 જાન્યુઆરીએ JioHotstar પર સ્ટ્રીમ થશે. તો 26 જાન્યુઆરીના લોન્ગ વીકએન્ડમાં ‘સ્પેસ જેન ચંદ્રયાન’ સાથે દેશ પ્રત્યેનો ગર્વ અનુભવી લો. ●